
ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



**નિમેષ રાવલ**
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
પૂર્વ પ્રમુખ,
લાયન્સ કલબ ઓફ
ગાંધીનગર
મો. : ૯૮૭૯૫ ૨૮૭૦૨



**પુષ્પાબેન મહેતા**
જ્યોતિ મહિલા મંડળ



**જીતેન્દ્રકુમાર ગાંધી**
મો. ૯૮૨૫૪ ૪૭૪૮૭

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન - ૧**
સોનુ કે ટીટુ કી સ્વીટી
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન - ૨**
સોનુ કે ટીટુ કી સ્વીટી
૧૨.૪૫, ૩.૪૫
ગુજ્જુ ભાઈ મોસ્ટ વોન્ટેડ
(ગુજરાતી)
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન - ૩**
વેલકમ ટૂ ન્યુયોર્ક (૩ડી)
૧૨.૩૦, ૨.૪૫, ૭.૪૫
બ્લેક પેન્થર
(૩ડી હિન્દી)
૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન - ૪**
પેડમેન
૧.૦૦
અઈયારી
૪.૦૦
ચાલ મન જીતવા જઈએ
(ગુજરાતી)
૭.૦૦
લવની ભવાઈ (ગુજરાતી)
૯.૩૦

**સ્ક્રીન-૫**
ગુજ્જુ ભાઈ મોસ્ટ વોન્ટેડ
(ગુજરાતી)
૧૨.૩૦, ૩.૩૦
સોનુ કે ટીટુ કી સ્વીટી
૬.૪૫
વેલકમ ટૂ ન્યુયોર્ક
૧૦.૦૦

**જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**

# કડી નર્સિંગ કૉલેજ સેક્ટર-૧૨ ખાતે બ્રહ્માકુમારીઝ દ્વારા આધ્યાત્મિક સ્નેહમિલન કાર્યક્રમ

## બ્રહ્માકુમારીઝના સત્ય ગીતાજ્ઞાન અને સહજ રાજયોગની વૈચારિક ક્રાંતિના ફલવરૂપે પંચમસિંહ ડાકૂ બન્યા રાજયોગી તથા માનસિક અને શારિરીક સ્વાસ્થ્યમાં થયેલ સુધારાથી રાજયોગી આશિષભાઈએ દાંતથી ખેંચી બસ








ગાંધીનગર, તા. ૨૩
પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય, સેક્ટર-૨૮, ગાંધીનગર સેવાકેન્દ્ર દ્વારા ડી.એસ.પી કચેરી, સેક્ટર-૨૭ અને કડી નસહ્લગ કોલેજ, સેક્ટર-૧૨ ખાતે આધ્યાત્મિક સ્નેહમિલન અને રાજયોગના પ્રયોગાના સંયુક્ત કાર્યક્રમોનું ખૂબ સુન્દર આયોજન કરવામાં આવેલ હતું.

મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ,અને રાજસ્થાન રાજ્યોમાં ત્રાસદી ફેલાવનાર ચંબલની ખીણના ૫૫૦ ડાકૂઓના સરદાર કે જેને પકડવા સરકારે કરોડો રુપિયાનું ઈનામ ઘોષિત કરેલ એવા કુખ્યાત ડાકૂ પંચમસિંહનું બ્રહ્માકુમારીઝ દ્વારા શીખડવામાં આવતાં રાજયોગથી વૈચારિક પરિવર્તન થતાં ૫૫૦ ડાકૂઓ સાથે સમર્પણ કરેલ. અને ચમત્કારિક પરિવર્તન થકી રાજયોગી બની આજે ૯૬ વર્ષની નિરોગી કાયા થકી છેલ્લા ૪૦ વર્ષોથી દેશના ૨૭ રાજ્યોની ૫૦૦ જેટલી જેલો, ૨ લાખ જેટલા ગામો અને ૧ લાખ જેટલી સ્કૂલોમાં પોતે આધ્યાત્મિક સેવાઓ આપી રહ્યા છે. પોતાના રાજયોગી જીવન થકી રાજયોગી જીવન જીવવાનો સંદેશ વહેવડાવી રહ્યા છે. નિરોગી જીવન જીવવાની કળા શીખવાડી રહ્યા છે. તેમના પરિવર્તન અને સેવાઓ વિષેની વધુ વિગતો "ડાકૂ પંચમસિંહ " નામે ગૂગલ પર ઉપલબ્ધ છે.

બ્રહ્માકુમારીઝ દ્વારા આપવામાં આવતાં સહજ રાજ્યોગના અભ્યાસથી વ્યસનો, બુરાઈઓ, કુટેવો અને વિકારો તો અવશ્ય દૂર થાય છે પણ તેની સાથે સાથે સ્વાસ્થ્યમાં પણ અનેક ઘણો સુધાર થાય છે. તેનું જીવંત ઉદાહરણ ભોપાલથી આવેલ રાજયોગી આશિષભાઈ કે જેઓ પોતાના દાંતોથી બસ, ટ્રક, ડમ્પર, રેલ્વે એન્જીન ખેંચીને પૂરવાર કરે છે કે સહજ રાજયોગથી જીવન પરિવર્તન શક્ય જ નહીં બલ્કી અતિ સહજ પણ છે. રાજયોગી આશિષભાઈ દ્વારા દાંતોથી બસ, ટ્રક, ડમ્પર, રેલ્વે એન્જીન ખેંચવાના અત્યાર સુધી થયેલ સેંકડો કાર્યક્રમોની વિગત પણ ગૂગલ પર ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં રાજયોગી પંચમસિંહ અને રાજયોગી આશિષભાઈના આગમનથી સ્નેહમિલન અને રાજયોગના પ્રયોગોના અનેક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે પૈકી ડી.એસ.પી. કચેરી, સેકટર-૨૭, ગાંધીનગર અને કડી નસહ્લગ કોલેજ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતેના કાર્યક્રમોમાં પોલીસ ભાઈ બહેનો તથા નર્સીસ ભાઈ બહેનો એ હોંશે હોંશે અને દિલચસ્પીથી હાજરી આપી સ્નેહમિલન ધ્યાનથી સાંભળ્યું હતું. તેઓ ઘણાં જ પ્રભાવિત થયેલ અને રાજયોગ વિષે વિગતે જાણવાની માંગ કરેલ. અને કેટલાક ભાઈ બહેનો એ તો રાજયોગી પંચમસિંહ સાથે સેલ્ફી પણ લીધો હતો. રાજયોગી આશિષભાઈ દ્વારા જ્યારે રાજયોગના અભ્યાસ સાથે જ્યારે બસને ખેંચવામાં આવેલ ત્યારે સૌએ તાલીઓ સાથે વધાવી લીધે. સ્નેહમિલન અને રાજયોગના પ્રયોગો નિહાળ્યા બાદ સૌને પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિધ્યાલય, શિવશક્તિ ભવન, પ્લોટ નં.૭૫૧, ઈન્કવાયરી ઓફીસ પાસે, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે આવેલ સેવાકેન્દ્ર પર સવારે ૮.૦૦થી ૧૧.૦૦ અને સાંજે ૪.૦૦થી ૮.૦૦ દરમ્યાન અનૂકૂળતાએ પધારી રાજયોગનો સાપ્તાહિક કોર્ષ કરવા આદરણીય રાજયોગિની કૈલાશ દીદીજી એ સૌને હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ પાઠવ્યું હતું.

# શાહપુર પ્રાથમિક શાળાના ઈનોવેશનની રાજયકક્ષાના ઈનોવેશન ફેર માટે પસંદગી થઈ



ગાંધીનગર, તા. ૨૩
જી.સી.ઈ.આર.ટી. પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન આયોજિત જિલ્લા કક્ષાના તૃતીય એજ્યુકેઓશન ઈનોવેશન ફેર-૨૦૧૮નું આયોજન તા. ૧.૨.૨૦૧૮ થી ૨.૨.૨૦૧૮ એમ બે દિવસ કરવામાં આવ્યું હતું.

જેમાં ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક તથા માધ્યમિક શાળાની મળીને કુલ ૪૯ શાળાઓએ પોતાના ઈનોવેશન રજૂ કર્યા હતા. શિક્ષણના નવતર પ્રયોગ વિશે જિલ્લાના શિક્ષકો જાણે તેની સાથે જોડાય અને અન્ય શિક્ષકો સાથે તેનું આદાન પ્રદાન કરી શકે તે માટે શાળા કક્ષાએ હાથ ધરાતા નવતર પ્રયોગોનો પ્રચાર પ્રસાર માટે આ ઈનોવેશન હાથ ધરવામાં આવે છે. જિલ્લા કક્ષાએ યોજાયેલ આ ઈનોવેશનમાં ગાંધીનગર તાલુકાની આદર્શ પ્રાથમિક શાળા શાહપુર દ્વારા કરેલા ઈનોવેશનલ 'ડિઝિટલ પુસ્તકાલય' એ અનેરું આકર્ષણ જમાવ્યું હતું.

તાજેતરમાં ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી દ્વારા જ્ઞાનકુંજ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના વિદ્યાર્થીઓને ૧૦૦ ટેબ્લેટ આપવામાં આવ્યા હતા. શિક્ષણ કાર્ય સિવાય અન્ય શૈક્ષણિક ઉપયોગ થાય તે હેતુથી આ ઈનોવેશનલ હાથ ધરવામાં આવ્યા હતા. વર્તમાન સમયે ટેકનોલોજીનો છે. ઝડપથી વિકસી રહેલી ટેકનોલોજી સાથે સામાજિક અને શૈક્ષણિક પરિવર્તન આવી રહ્યા છે. ત્યારે શાળાનું આ ઈનોવેશન ખુબ જ ઉપયોગી સાબિત થશે. તેવી અમોને ખાતરી છે. શાળાનું આ ઈનોવેશન આગામી તા. ૨૬.૦૨.૨૦૧૮ થી તા. ૦૧.૦૩.૨૦૧૮ એમ ચાર દિવસ સંદીપની વિદ્યાનિકેતન પોરબંદર મુકામે રાજયકક્ષાના ઈનોવેશન ફેરમાં પોતાનું ઈનોવેશન રજૂ કરશે.

# શ્રી અખિલ મહિલા આટ્ર્સ કૉલેજમાં માતૃભાષા દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩
યુનેસ્કો દ્વારા વિશ્વભરમાં ૨૧મી ફેબ્રુઆરીએ ઉજવાતા વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી શ્રી અખિલ મહિલા આટ્ર્સ કૉલેજમાં ગુજરાતી વિભાગ દ્વારા આંતર કૉલેજ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરીને ઉજવાઈ. જેમાં ગાંધીનગર સ્થિત વિવિધ કૉલેજનાં વિદ્યાર્થીઓએ 'ભાષા સાહિત્ય અને સંવાદ' સાંપ્રત સમયમાં પ્રચાર માધ્યમોમાં કથળતી જતી ભાષા અને 'મારી માતૃભાષા મારું ગૌરવ' વિષય પર પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. પ્રિ. ડૉ. ઊર્મિલાબેનના વાર્ષિક માર્ગદર્શનથી યોજાયેલ આ કાર્યક્રમમાં પ્રથમ ક્રમાંકે સોલંકી પ્રિયંકાબા, દ્વિતીય ક્રમાંકે, ચાવડા ભૂમિ અને તૃતીય ક્રમાંક હરસાણા કાજલ રહ્યા હતા. નિર્ણાયક તરીકે ડૉ. રાકેશભાઈ પટેલ, ડૉ. સોનલબેન સેવાઓ આપી હતી. આ પ્રસંગે અંકુર શ્રીમાળી, ડૉ. ઉર્મિબેન રાવલ અને સુરેશભાઈ રત્નોત્તર ખાસ હાજર રહીને માતૃભાષાનું ગૌરવ ગાન વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કર્યુ હતું. પત્રકારત્વક્ષેત્રે રહેલા ડૉ. ઉર્મિલાબેને અંગ્રેજી માધ્યમની શાળામાં સારું ગુજરાતી અને ગુજરાતી માધ્યમની શાળામાં સારું અંગ્રેજી શીખવાય તેવી જરૂરિયાત છે એમ કહ્યું હતું તો અંકુર શ્રીમાળીએ દૂધમલ ભાષાની જવાબદારી બહેનોના શીરે વધારે છે તે જણાવીને મા, માતૃભાષા અને માતૃભૂમિના ઋણની વાત કરી હતી.

# જી.ઈ.બી. કોલોની ખાતે સરકારી પ્રાથમિક શાળાનો રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૩
સરકારી પ્રાથમિક શાળા જી.ઈ.બી,કોલોની ખાતે



બાળરમતોત્સવ ૨૦૧૭/૧૮ યોજાયો હતો.દરેક વર્ષની જેમ આ વર્ષે પણ પ્રાથમિક અને અપર પ્રાથમિક કક્ષાની હરીફાઈ નું આયોજન કરવામાં આવ્યુ .ધો-૧ થી ૫ માટે દોરડા કૂદ, જલેબી ખાઉ, લોટ ફુંકણી,લીંબુ ચમચી,૫૦ મીટર દોડ,સંગીત ખુરશી વગેરે અનેક રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું .

ધો-૬ થી ૮માં કોથળા દોડ, સ્લો સાઈકલ, ત્રીપગી દોડ,૧૦૦મી. દોડ,કબડ્ડી, ખો-ખો, આંધળા નો ગોળીબાર, ગોળાફેક, લાંબીકૂદ વગેરે અનેકવિધ સ્પધા 'યોજવામાં આવી.

વિકલાંગ ઓલમ્પિક સ્પર્ધામાં સરકારી પ્રાથમિક શાળાની ધોરણ -૬ માં અભ્યાસ કરતી કુ.હિમાની ભાનુભાઈ વોરા વિવિધ હરીફાઈ પૈકી ગોળાફેક માં દ્વિતીય ક્રમે આવેલ. હિમાંનીને સરકારશ્રી તરફથી રોકડરૂ.૩૦૦૦/-નું ઈનામ આપવામાં આવ્યું.શાળા પરિવાર વતી આચાર્ય દિપ્તીબેન વસાવડાએ સન્માનપત્ર આપી



બહુમાન કર્યું.અને વિકલાંગ શિક્ષક તરીકે દિવ્યાંગ બાળકો માટે ખંતથી કાર્ય કરતા હિતેન્દ્રસિહ રાઠોડ નો પણ આભાર વ્યક્ત કર્યો.

શાળા રમતોત્સવમાં ભાગ લેનારતમામ વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા.તથા વર્ષ દરમ્યાન તમામ સહઅભ્યાસિક પ્રવૃત્તિમાં ભાગ લેનાર તમામ બાળકોને પણ વિવિધ ઈનામો એનાયતકરવામાં આવ્યા. આ પ્રસંગે નિવૃત આઈ.એ.એસ. બીપીનચંદ્ર શાંતિલાલ વૈષ્ણવ તથા ઉમા નાથીબા આર્ટસ કોલેજના ડૉ.હીના બેન પ્રતિકભાઈ મહેતા તરફથી બાળકોને તિથી ભોજન આપવામાં આવ્યું હતું. જી.ઈ.બી.કોલોની ના કર્મચારી ઠક્કરભાઈ પરિવાર તરફથી તમામ બાળકોને ડ્રોઈંગ બૂક, કલર,પેન્સિલ ,રબરની કીટઅને બિસ્કીટની કીટ આપવામાં આવી. શાળા પરિવાર વતી આચાર્ય દિપ્તીબેન વસાવડા એ તમામ દાતાઓનોઆભાર વ્યક્ત કર્યો.

# આર.જી. કન્યા વિદ્યાલયનો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૩
શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એમ.પી. પટેલ કન્યા ઉ.મા. શાળાનો કેમ્પસમાં ઈનામ વિતરણ તેમજ વાર્ષિકોત્સવ કાર્યક્રમ યોજાયેલ હતો.


તેમાં અધ્યક્ષસ્થાને એલ.ડી. આર.પી. ઈન્સ્ટિટયુટ ઑફ ટેકનોલોજી એન્ડ રિસર્ચના ડાયરેકટર ડૉ. ગાર્ગી રાજપરા, ઉદ્ઘઆટક દિનેશભાઈ પટેલ, નાયબ નિયામક આર.એમ.એસ. એ., હિપ્નો થેરાપિસ્ટ ડૉ. જયેન્દ્રભાઈ બારડ, ભૂતપૂર્વ આચાર્યા શ્રીમતી કૌશલ્યાબેન પરીખ, કેમ્પસ ડાયરકેટર ડૉ. સોમાભાઈ પટેલ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, લૉ ઑફિસર પરમાર મિત્તલ, ચાર્ટડ એકાઉન્ટન્ટ પોકાર કોમલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરુઆત સ્નેદવનંદનાથી થઈ હતી. દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો. સ્નેહસંબંધ આધારિત નાટિકા પ્રસ્તુત કરવામાં આવી હતી. ત્યારબાદ તેજસ્વી તારલાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. મહેમાનોનો પરિચય અને સ્વાગતવિધિ કરવામાં આવી હતી.

# પ્રસંગ પર્વની પ્રચાર તરફ ઢળી પડેલી 'શરમાળ'ની કાવ્ય સંવેદના

**પુસ્તક પરિચય**
**નટવર હેડાઉ**

'કવિતા' સાહિત્યનો એક એવો સશક્ત પ્રકાર છે જેમાં કવિ પોતાના આંતરિક અનુભૂતિઓ, સંવેદાઓ, કલ્પનાઓ આશાઓ, અને અપેક્ષાઓને સુંદર રીતે શબ્દોમાં સંયોજીએ રીતે અભિવ્યક્ત કરે છે કે ઓછામાં ઓછા શબ્દોનો ઉપયોગ કરવા છતાં અર્થ અને ભાવાર્થના વિશાળફલક પર વિસ્તરે છે. શબ્દના અર્થને જેટલો વ્યાપક બનાવવામાં આવે તેટલી સારી કવિતા બની શકે. તે ફક્ત કવિના શબ્દ સામર્થ્ય અને લેખન કૌશલ્યને જ અભિવ્યક્ત કરે છે એવું નથી. સર્જકતામાં તેના આત્મવિશ્વાસને પણ તે પ્રતિબિંબિત કરે છે. સહજ સાધારણ સ્થિતિની અભિવ્યક્તિ જયારે કવિતાના માધ્યમથી થાય છે ત્યારે જીવનનાં મૂળભૂત સત્યને ઉદ્ઘાટિત કરતી એ કવિતા કવિને જ નહીં પણ શ્રોતા કે ભાવકના મનને પણ ઝંકૃત કરી દે છે. કવિ જગદીશ ગોર 'શરમાળ'ના કાવ્યનો સંગ્રહ 'પ્રસંગ પર્વનો મિજાજ' ની રચનાઓમાંથી પસાર થતાં ભાવકને કંઈક આવા જ પ્રકારની અનુભૂતિ થયા વિના રહેશે નહીં.




'પ્રસંગ પર્વનો મિજાજ' સંગર્હ દ્વારા કવિએ ૯૩ જેટલી રચનાઓમાં પોતાનો કવિ મિજાજ બતાવ્યો છે. આ પહેલાં તેમના છ જેટલા પુસ્તકો પ્રગટ થઈચૂક્યા છે. તેમના મિત્ર વિનોદ જોષીના મતે શબ્દોની સરળ સોબત સાથે નાવિન્ય અને સચોટપણું એમની વિશેષતા છે. કવિતા સ્વ નિવેદન અનુસાર 'પ્રસંગ પર્વનો મિજાજ' માં મોટા ભાગની પ્રાસંગિક રચનાોનો સમાવેશ કરેલ છે. આ સંગ્રહ કવિએ પોતાના માતા-પિતાને અર્પણ કર્યા છે. સંગ્રહની શરુઆતમાં 'કચ્છ મિત્ર' અને 'ગાંધીનગર સમાચાર' દૈનિકના તંત્રીઓના શુભેચ્છા સંદેશ તેમજ મુખ્યમંત્રી સમયના નરેન્દ્ર મોદીના શુભેચ્છા પત્રો તેમજ બાબુલાલ ગોર અને ડૉ. વિનોદ વી. જોષીના સંદેશાઓ છાપવામાં આવ્યા છે. તે પછી કવિએ લંબાણપૂર્વક પોતાની સાહિત્ય યાત્રાનું નિવેદન રજૂ કર્યુ છે. સંગ્રહમાં સમાવાયેલ રચનાઓની અનુક્રમણિકા જોવા મળતી નથી. રચનાઓમાં 'સ્વર્ણિમ ગુજરાત, શબ્દ મહોત્સવ ટાણે, વેકરીયાના રણ વચાળે, કચ્છ કાર્નિવલ, રણોત્સવ, પ્લેગ, બફારો' સહિતની રચનાઓ પાનાં ફેરવતાં જાવ તેમ જોવા મળે છે જે જોતાં પ્રસંગ કરતાં પ્રચારની રચનાઓ હોય તેવું વધારે લાગે છે અને ત્યારે તેનું મૂલ્ય સ્વાભાવિક રીતે જ ઘટી જાય છે. હાં, આ સંગ્રહમાં કેટલીક સશક્ત રચનાઓ પણ છે જેમ કે -

વૃક્ષોની ફૂટેલી કુંપળની પાસ જઈ, હિંમતથી એટલું મેં પૂછ્યું,
શીદને રૂએ મારા ધરતીના પ્રાણ, એની હાલત જોઈને મેં પુછ્યું,

અને પછી કવિ કુંપળનાં આંસુ લૂંછતા તેને આમ આશ્વાસન પણ આપે છે કે -

વરસાદને આવવાનું સાગમટે આપ્યું છે અવનિ પણ મીઠું આમંત્રણ,
ધીરજ ઘટીને મોટી થા કુંપળ, તો આંસુ તે તારું તે લુછ્યું.

તે પછી કવિ વરસાદને સંબોધીને કહે છે કે ભઈ અમને આવું નહીં પાલવે.

જૂઓ -

ઝરમર તારું આવવું, અમને અહીં પાલવે નહીં,
આવીને ચાલ્યા જવું, અમને નહીં પાલવે નહીં,
પશુ પંખી જીવ અબોલા, રાહ જુએ છે ચાતક નજરે,
ગરમીમાં આમ બફાવું, અમને અહીં પાલવે નહીં,

અને વળી 'આપણે' કાવ્યમાં કવિની પ્રેમની અભિવ્યક્તિ પણ ખુબ મુખર થયેલી જોવા મળે છે. તેઓ કહે છે કે -

હું હોઈશ, તું હશે અને પુરી હશે આ જિંદગી,
સ્વપ્ન સોનેરી લઈ, ભમતાં રહ્યાં આપણે,
પ્રેમને પણ ધ્રુવ જેમ સ્થિર કરવા ખુબ મથ્યા,
એ પછી તો સાવ અચાનક, ખરતા રહ્યા આપણે.

અને છેવટે કવિ એમ પણ કહે છે, 'ચાલ જીવન જીવીએ' તે પણ કેવું ?

'ચાલ જીવન જીવીએ હળવાશ જેવું,
તો રહે ના આપણે કડવાશ જેવું.
વાદ ને વિવાદ છોડી સંવાદ જોડો,
આપ મેળે લાગશે બસ પાસ જેવું.'

'પ્રસંગ પર્વના મિજાજ' ના કવિ જગદીશ ગોરને હ્રદયપૂર્વક આવકારું છું અને અભિનંદન પાઠવું છું.